सत्यमेव जयते

| | | | | |
|---|---|---|---|---|
| દાખલ તારીખ | : | ૦૫/૦૯/૨૦૨૨ | | |
| રજી. તારીખ | : | ૦૫/૦૯/૨૦૨૨ | | |
| ફેંસલ તારીખ | : | ૦૮/૦૪/૨૦૨૬ | | |
| સમયગાળો | : | <u>વર્ષ</u> | <u>માસ</u> | <u>દિવસ</u> |
| | | | | |

**આંક–**

*************************************************

**મુન્દ્રા તાલુકાનાં પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ અને એડીશ્નલ ચીફ જયુડિશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં, મુકામ :મુન્દ્રા–કચ્છ.**

*************************************************

**<u>ફોજદારી કેસ નં.૧૪૫૭/૨૦૨૨</u>**

**ફરિયાદી :–** **શ્રી સરકાર**

મુન્દ્રા મરીન પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુના રજીસ્ટર નં.૧૧૨૦૫૦૩૩૨૨૦૧૨૭/૨૦૨૨, તા.૦૭/૦૪/૨૦૨૨.
મુળ ફરિયાદી : સામતભાઈ બાલાભાઈ કોચરા (મહેશ્વરી), ઉ.વ.૪૮,
રહેવાસી : શેરી નં. ૨, મહેશનગર, મુન્દ્રા, તા.મુન્દ્રા–કચ્છ.

## <u>વિરૂધ્ધ</u>

**<u>આરોપી :–</u>** **વિનોદ લાલજીભાઈ સીંચ,**
ઉ.વ.૨૮, ધંધો: પ્રા.નોકરી,
રહેવાસી : સેકટર–૭, પ્લોટ નં.૬૮, વૃંદાવન એપાર્ટમેન્ટ નવજીવન સોસાયટી, ગાંધીધામ–કચ્છ.

**<u>તહોમત : ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૦૪(અ) તથા ધી મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ.</u>**

*********************************************

**ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી કે.એમ. પ્રજાપતિ.**
**આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી કે.એસ. મહેશ્વરી.**

*********************************************

**-:: ચુકાદો ::-**

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૦૭/૦૪/૨૦૨૨ નાં રોજ કલાક ૨૦-૩૦ વાગ્યાનાં ગુંદાલા-પત્રી ચોકડી નેશનલ હાઇવે રોડ, ગામ: ગુંદાલા, તા. મુન્દ્રા-કચ્છ મધ્યે આ કામે જે તે વખતે અજાણી અલ્ટો વાહનના ચાલક/આરોપીએ પોતાના કબજાનું વહન પુરઝડપે, બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી મો.સા. નં. જીજે-૧૨-ડીએચ-૪૦૬૮ વાળી ને હડફેટે લઇ એકસીડેન્ટ કરતા મો.સા. ના ચાલક મેઘજીભાઇ ગોવિંદભાઇ કોચરા (મહેશ્વરી) ઉ.વ. ૫૦ રહે. ભકિતનગર, આદીપુર, તા. ગાંધીધામ વાળાને માથાના ભાગે ગંભીર પ્રકારની ઈજાઓ થતા મરણ ગયેલ બાદ તપાસ દરમિયાન કોલમ નં. ૧૧ માં જણાવેલ આરોપીએ પુછપરછ દરમિયાન પોતાના કબજાની અલ્ટો કાર રજી. નં. જીજે-૧૨-ડીએસ-૩૨૫૯ વાળી થી ગુનો આચરેલ હોવાની કબુલાત આપતા મજકુરને તા. ૦૯/૦૪/૨૦૨૨ ના કલાક ૧૭-૦૦ વાગ્યે અટક કરવામાં આવેલ એ રીતે ગુનો કરેલ હોય, આરોપી વિરૂધ્ધ ધોરણસર થવા ફરિયાદીએ હાલની ફરિયાદ મુંદરા મરીન પોલીસ સ્ટેશનમાં આપેલ.

(૨) મૂળ ફરિયાદીની ઉપરોકત ફરિયાદનાં આધારે મુન્દ્રા મરીન પોલીસ સ્ટેશનના મુન્દ્રા મરીન પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૨૦૫૦૩૩૨૨૦૧૨૭/૨૦૨૨ થી આ કામનાં આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯, ૩૦૪(અ) તથા ધી મોટર વ્હીકલ એકટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો નોંધવામાં આવેલ. ત્યારબાદ, આ કામનાં તપાસ કરનાર અધિકારીએ પોતાની તપાસ દરમિયાન લાગતા-વળગતા સાહેદોનાં નિવેદનો નોંધી, જરૂરી પંચનામાઓ કરી તેમજ ગુના કામે જરૂરી દસ્તાવેજો મેળવી તપાસનાં કામે સામેલ રાખી, આ કામનાં આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવાઓ મળી આવતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ

દાખલ કરેલ, જેને ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ, આ કામનાં આરોપીને ધોરણસર સમન્સ કાઢતા, આરોપી પોતાના વકીલ મારફતે હાલનાં કેસમાં હાજર થયેલ, અને આરોપીને ચાર્જશીટ સાથેનાં કાગળોની એક નકલ વિના મૂલ્યે પુરી પાડવામાં આવેલ. ત્યારબાદ, આંક–૫ થી આરોપીનો જવાબ (પ્લી) લેવામાં આવેલ, જેમાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા આરોપી વિરૂધ્ધ આ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ.

(૪) ત્યારબાદ, ફરિયાદપક્ષે આ કામે નીચે જણાવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**–:: મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ::–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | મુળ ફરિયાદી સામંત બાલાભાઇ કોચરાની જુબાની. | ૦૭ |
| ૨ | ફરિયાદ. | ૦૮ |
| ૩ | પંચ સાહેદ સંજય પ્રમજીભાઇ સથવારાની જુબાની. | ૦૯ |
| ૪ | બનાવવાળી જગ્યાનું પંચનામુ. | ૧૦ |
| ૫ | પંચ સાહેદ નાનજી પુજાલાલ દાફડાની જુબાની. | ૧૧ |
| ૬ | આરોપીની અટક કરેલ તથા મુદામાલ કબજે કરેલાનું પંચનામું. | ૧૨ |
| ૭ | પંચ સાહેદ અરવિંદ નારણ નોરીચાની જુબાની. | ૧૩ |
| ૮ | સાહેદ બાબુભાઇ બાલા મહેશ્વરીની જુબાની. | ૨૬ |
| ૯ | સાહેદ ડાઇબેન બાબુલાલ મહેશ્વરીની જુબાની. | ૨૭ |
| ૧૦ | સાહેદ જગદીશભાઇ બાબુલાલ કોચરાની જુબાની. | ૨૮ |
| ૧૧ | સાહેદ મનોજ સામતભાઇ કોચરાની જુબાની. | ૩૩ |
| ૧૨ | સાહેદ રાજેશ ગોવિંદ કોચરાની જુબાની. | ૩૪ |
| ૧૩ | સાહેદ મિતેષ વાલજીભાઇ મહેશ્વરીની જુબાની. | ૩૫ |
| ૧૪ | સાહેદ કમલેશ વાલજીભાઇ મહેશ્વરીની જુબાની. | ૩૬ |
| ૧૫ | પોલીસ સાહેદ ત.ક.અ. ગીરીષભાઇ વરજાંગભાઇ વાણીયાની જુબાની. | ૩૯ |
| ૧૬ | ગુનો દાખલ કરવાની યાદી. | ૪૦ |

| | | |
|---|---|---|
| ૧૭ | મરણજનારની પોસ્ટ મોર્ટમ રીપોર્ટ (પી.એમ.નોટ) | ૪૧ |
| ૧૮ | ટેલીફોનીક વર્ધીનો ઉતારો. | ૪૨ |
| ૧૯ | અકસ્માતવાળી જગ્યાનો નકશો. | ૪૩ |

(૫) ત્યારબાદ, આ કામે ઉપરોકત મુજબનો પુરાવો રજુ થયેલ છે અને વિ.એ.પી.પી.શ્રીએ ફરિયાદપક્ષનો પુરાવો પુર્ણ થયાની મૌખિક જાહેરાત કરતાં, ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ, જેમાં આરોપીએ તેની વિરૂધ્ધ પડેલ પુરાવાનો ઈન્કાર કરેલ છે અને પોતે નિર્દોષ હોવાની રજુઆત કરેલ છે. ત્યારબાદ, ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તેમજ આરોપી તરફે વિ. વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત પુરાવાનાં આધારે હાલનાં કેસનાં આખરી ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૦૭/૦૪/૨૦૨૨ નાં રોજ કલાક ૨૦–૩૦ વાગ્યાનાં ગુંદાલા–પત્રી ચોકડી નેશનલ હાઈવે રોડ, ગામ: ગુંદાલા, તા. મુન્દ્રા–કચ્છ મધ્યે આ કામે જે તે વખતે અજાણી અલ્ટો વાહનના ચાલક/આરોપીએ પોતાના કબજાનું વહન પુરઝડપે, બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી મો.સા. નં. જીજે–૧૨–ડીએચ–૪૦૬૮ વાળી ને હડફેટે લઈ એકસીડેન્ટ કરતા મો.સા. ના ચાલક મેઘજીભાઈ ગોવિંદભાઈ કોચરા (મહેશ્વરી) ઉ.વ. ૫૦ રહે. ભકિતનગર, આદીપુર, તા. ગાંધીધામ વાળાને માથાના ભાગે ગંભીર પ્રકારની ઈજાઓ થતા મરણ ગયેલ બાદ તપાસ દરમિયાન કોલમ નં. ૧૧ માં જણાવેલ આરોપીએ પુછપરછ દરમિયાન પોતાના કબજાની અલ્ટો કાર રજી. નં. જીજે–૧૨–ડીએસ–

૩૨૫૯ વાળી થી ગુનો આચરેલ હોવાની કબુલાત આપતા મજકુરને તા. ૦૯/૦૪/૨૦૨૨ ના કલાક ૧૭–૦૦ વાગ્યે અટક કરવામાં આવેલ એ રીતે ગુનો કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૦૪(અ) તથા ધી મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દા અંગેનાં મારા નિર્ણયો નીચે મુજબ છે અને તે માટેનાં કારણોની ચર્ચા ત્યારપછી કરવામાં આવેલ છે.

(૧) 'નકાર' માં.

(૨) આખરી હુકમ મુજબ.

**–:: કા ર ણો ::–**

(૮) આ કામે, ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે સૌપ્રથમ આંક–૭ થી મૂળ ફરિયાદી સામંત બાલાભાઇ કોચરા નાઓનો સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, આ કામના મરણ જનાર મેુઘજીભાઇ તેમના ભત્રીજા થતા હતા. મેઘજીભાઇ સાથેનો અકસ્માતવાળો બનાવ દોઢેક વર્ષ અગાઉ ગુંદાલા ગામે સાંજના સમયે બનેલો. તેઓ આદર્શ ટાવર પાસે હતા ત્યારે તેમના મોટાભાઇનો ફોન આવેલ અને કહેલ કે ગુંદાલા પાસે મેઘજીનું અકસ્માત થયેલ છે. જેથી જઇને તમે તપાસ કરો જેથી તેઓ પોતાના છકડો લઇ બનાવ સ્થળે ગયેલા. જોયુ તો મેઘજી અકસ્માતગ્રસ્ત હાલતમાં રોડ પર પડેલ હતા અને તેની બાજુમાં મો.સા. તુટેલી હાલતમાં પડેલ હતી અને તે જગ્યાએ ઘણાબધા માણસો ભેગા થઇ ગયેલા. તેમના ભાઇને ફોન કરી જણાવેલ કે મેઘજી અકસ્માતમાં મરણ ગયેલ છે અને તે જગ્યાએ પોલીસ પણ આવી ગયેલી અને ત્યાંથી મેઘજીને સરકારી દવાખાનામાં લઇ ગયેલ અને ત્યારે ડોકટર સાહેબે મરણ જાહેર કરેલ. તેનું પી.એમ. કરવામાં આવેલ. બનાવના દિવસે તેમનો ભત્રીજો માંડવી મુકામે તેમની દીકરીના ઘરે દીકરી

આવેલ હોય ખબર અંતર પુછવા જતા હતા. તેમને જાણવા મળેલ કે મો.સા. થી જતા હતા ત્યારે કોઈ અલ્ટો જેવી ગાડીના ચાલકે અકસ્માત કરી તેમના ભત્રીજાનું મોત નીપજાવેલ. આ ગાડીનો નંબર તેમને યાદ નથી. ત્યારબાદ, આ સાહેદે આ બનાવની ફરિયાદ આપેલી. તેમને ફરિયાદ બતાવવામાં આવે છે જેમાં પોતાની સહી છે જે રજુ દાખલ આંક–૮ આપેલ છે. બચાવ પક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદે, બનાવ તેમણે નજરે જોયેલ નથી. બનાવવાળી જગ્યાએ નેશનલ હાઈવે છે. બનાવવાળી જગ્યાની આસપાસ સતત વાહનોની અવર જવર રહે છે. બનાવવાળી ગાડીનો તેમને ખ્યાલ નથી. અકસ્માત વળતરનો કેસ કરેલ છે, તેવા સુચનનો સદર સાહેદે સ્વીકાર કરેલ છે.

(૯) ત્યારબાદ, ફરિયાદપક્ષે આંક–૯ થી બનાવવાળી જગ્યાનાં પંચ સાહેદ સંજય પ્રેમજીભાઈ સથવારાનો મૌખિક પુરાવો રજુ કરેલ છે અને તેઓનાં મૌખિક પુરાવામાં ફરિયાદપક્ષે આંક–૧૦ થી બનાવવાળી જગ્યાનાં પંચનામાની નકલ રજુ કરેલ છે. જે સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, સદર સાહેદે પંચનામાનાં કથનો મુજબ પુરાવો નહી રજુ કરતા, વિ.એ.પી.પી.શ્રીએ સાહેદને ફરી ગયેલા સાહેદો જાહેર કરી, ઉલટ–તપાસ લીધેલ છે, પરંતુ, ઉલટ–તપાસમાં પણ સદર સાહેદે ફરિયાદપક્ષનાં કેસને સમર્થન કરેલ નથી અને તેઓ માત્ર પોતાની સહી સીવાય બીજું કાંઈ જાણતા નહી હોવાની હકીકત જણાવે છે. બચાવપક્ષે ઉલટ તપાસનાં તબ્બકે, સદર સાહેદની કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૧૦) ત્યારબાદ, ફરિયાદપક્ષે આંક–૧૧ થી મુદામાલ કબજે કરેલ તથા આરોપીની અટક કરેલાના પંચનામાનાં પંચ સાહેદ નાનજી પુજાલાલ દાફડાને તથા આંક–૧૩ થી અન્ય પંચ સાહેદ અરવિંદ નારણ નોરીયાનો મૌખિક પુરાવો રજુ કરેલ છે અને તેઓનાં મૌખિક પુરાવામાં ફરિયાદપક્ષે આંક–૧૨ થી મુદામાલ કબજે કરેલ તથા આરોપીની અટક કરેલાના પંચનામાની નકલ રજુ કરેલ છે. જે સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, સદર સાહેદે પંચનામાનાં કથનો મુજબ પુરાવો નહી રજુ કરતા, વિ.એ.પી.પી.શ્રીએ

સાહેદને ફરી ગયેલા સાહેદો જાહેર કરી, ઉલટ–તપાસ લીધેલ છે, પરંતુ, ઉલટ–તપાસમાં પણ સદર સાહેદે ફરિયાદપક્ષનાં કેસને સમર્થન કરેલ નથી અને તેઓ માત્ર પોતાની સહી સીવાય બીજું કાંઈ જાણતા નહી હોવાની હકીકત જણાવે છે. બચાવપક્ષે ઉલટ તપાસનાં તબ્બકે, સદર સાહેદની કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૧૧) ત્યારબાદ, ફરિયાદપક્ષે આંક–૨૬ થી સાહેદ બાબુભાઈ બાલા મહેશ્વરી નાઓનો સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, તેમનો ભત્રીજો મેઘજી ગોવિંદનો વાહન અકસ્માત સને ૨૦૨૨ માં થયેલો. તેમને તારીખ યાદ નથી. બનાવ સાંજના સમય બનેલો. વાંકી પત્રીથી માંડવી ઉપર બનેલો. બનાવ બન્યો તે વખતે તેઓ ગાંધીધામ હતા. તેમનો ભત્રીજો તેને દીકરીનો જન્મ થયેલ હોય તેનો પોતાનું મોટર સાયકલ લઈ જતા હતા તે વખતે કોઈ મારૂતી અલ્ટો કારના ચાલક સાઈડમાંથી ટકકર મારતા તેમના ભત્રીજાને ગંભીર ઈજાઓ થયેલી અને સ્થળ ઉપર મૃત્યુ પામેલ. તેમને સમાચાર મળતા તેઓ મુન્દ્રા સરકારી દવાખાનામાં આવેલ જયાં તેમના ભત્રીજાને પી.એમ. કરી તેમને લાશ સોંપવામાં આવેલી. અકસ્માત કરનાર વાહનના નંબર શું હતા તેના ચાલક કોણ હતા તેના વિષય તેમને જાણવા મળેલ નહી. પોલીસે તેમની પુછપરછ કરેલી. બચાવ પક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદે, બનાવ તેમણે નજરે જોયેલ નથી. તેમને બનાવ વિષય જાત માહીતી નથી, તેવા સુચનનો સદર સાહેદે સ્વીકાર કરેલ છે.

(૧૨) ત્યારબાદ, ફરિયાદપક્ષે આંક–૨૭ થી સાહેદ ડાઈબેન બાબુલાલ કોચરા નાઓનો સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, તેમનો ભત્રીજો મેઘજી ગોવિંદનો વાહન અકસ્માત સને ૨૦૨૨ માં થયેલો. તેમને તારીખ યાદ નથી. બનાવ સાંજના સમય બનેલો. વાંકી પત્રીથી માંડવી ઉપર બનેલો. બનાવ બન્યો તે વખતે તેઓ ગાંધીધામ હતા. તેમનો ભત્રીજો તેને દીકરીનો જન્મ થયેલ હોય તેનો પોતાનું મોટર સાયકલ લઈ જતા હતા તે વખતે કોઈ મારૂતી અલ્ટો કારના ચાલક સાઈડમાંથી ટકકર મારતા તેમના ભત્રીજાને ગંભીર ઈજાઓ થયેલી અને સ્થળ ઉપર મૃત્યુ પામેલ. તેમને

સમાચાર મળતા તેઓ મુન્દ્રા સરકારી દવાખાનામાં આવેલ જયાં તેમના ભત્રીજાને પી.એમ. કરી તેમને લાશ સોંપવામાં આવેલી. અકસ્માત કરનાર વાહનના નંબર શું હતા તેના ચાલક કોણ હતા તેના વિષય તેમને જાણવા મળેલ નહી. પોલીસે તેમની પુછપરછ કરેલી. બચાવ પક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદે, બનાવ તેમણે નજરે જોયેલ નથી. તેમને બનાવ વિષય જાત માહીતી નથી, તેવા સુચનનો સદર સાહેદે સ્વીકાર કરેલ છે.

(૧૩) ત્યારબાદ, ફરિયાદપક્ષે આંક–૨૮ થી સાહેદ જગદીશભાઈ બાબુલાલ કોચરા નાઓનો સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, તેમના મોટાબાપાનો છોકરો મેઘજી ગોવિંદનો વાહન અકસ્માત સને ૨૦૨૨ માં થયેલો. તેમને તારીખ યાદ નથી બનાવ સાંજના સમયે બનેલો. વાંકીપત્રીથી માંડવી ઉપર બનેલો. બનાવ બન્યો તે વખતે તેઓ ગાંધીધામ હતા. તેમના મોટાબાપાનો છોકરો મેઘજી ગોવિંદનો વાહન અકસ્માત સને ૨૦૨૨ માં થયેલો. તેમનો ભત્રીજો તેને દીકરીનો જન્મ થયેલ હોય તેનો પોતાનું મોટર સાયકલ લઈ જતા હતા તે વખતે કોઈ મારૂતી અલ્ટો કારના ચાલક સાઈડમાંથી ટકકર મારતા તેમના મોટા બાપાના છોકરાને ગંભીર ઈજાઓ થયેલી અને સ્થળ ઉપર મૃત્યુ પામેલ. તેમને સમાચાર મળતા તેઓ મુન્દ્રા સરકારી દવાખાનામાં આવેલ જયાં તેમના મોટા બાપાના છોકરાને પી.એમ. કરી તેમને લાશ સોંપવામાં આવેલી. અકસ્માત કરનાર વાહનના નંબર શું હતા તેના ચાલક કોણ હતા તેના વિષય તેમને જાણવા મળેલ નહી. પોલીસે તેમની પુછપરછ કરેલી. બચાવ પક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદે, બનાવ તેમણે નજરે જોયેલ નથી. તેમને બનાવ વિષય જાત માહીતી નથી, તેવા સુચનનો સદર સાહેદે સ્વીકાર કરેલ છે.

(૧૪) ત્યારબાદ, ફરિયાદપક્ષે આંક–૩૩ થી સાહેદ મનોજ સામતભાઈ કોચરા નાઓનો સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદી તેમના પિતાજી થાય છે. મરણ જનાર મેઘજીભાઈ તેમના મોટા બાપાના દીકરા થતા હતા. અકસ્માતવાળો બનાવ સને ૨૦૨૨ માં ગુંદાલ

રોડ પર બનેલો. તે અસરામાં તેમનો અકસ્માત થયેલો હતો અને તેઓ ઘરે હતા. ત્યારે તેમના પપ્પાનો ફોન આવેલ અને કહેલ કે મેઘજીભાનું ગુંદાલા પાસે અકસ્માત થયેલ છે. મેઘજીભાઈ મો.સા. થી ગાંધીધામથી કાંડાગરા જતા હતા ત્યારે ફોરવ્હીલ ગવાડીએ અકસ્માત કરેલ અને તેઓને ઈજાઓ થતા તે મરણ ગયેલ. અકસ્માત કરનાર વાહન તેઓએ જોયેલ નહી. પોલીસે તેમની પુછપરછ કરેલી નથી. સદરહુ સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરેલ ન હોય વિ.એ.પી.પી.શ્રીએ સાહેદને પરવાનગીથી ફરી ગયેલા જાહેર કરેલ છે અને  ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવામાં આવેલ છે તેમ છતા ફરિયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ ફળદાયી હકીકત જણાવેલ નથી.  બચાવ પક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદે, બનાવ તેમણે નજરે જોયેલ નથી. તેમને બનાવ વિષય જાત માહીતી નથી, તેવા સુચનનો સદર સાહેદે સ્વીકાર કરેલ છે.

(૧૫) ત્યારબાદ, ફરિયાદપક્ષે આંક–૩૪ થી સાહેદ રાજેશ ગોવિંદ કોચરા નાઓનો સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, અકસ્માતવાળો બનાવ સને ૨૦૨૨ માં ગુંદાલા રોડ પર સાંજના સમયે બનેલો. તેઓ ઘરે હતા ત્યારે તેમના કાકા બાબુભાઈનો ફોન આવેલ અને કહેલ કે, તમારા મોટાભાલઈ મેઘજીભાઈનું અકસ્માત થયેલ છે અને તેઓને મુંદરા દવાખાને લાવેલ છે જેથી ત્યાં જાય છે ત્યાં તમો આવો જેથી તેઓ સરકારી દવાખાનામાં ગયેલા અને ત્યાં મેઘજીભાઈની લાશ પડેલી હતી અને તેમને જાણવા મળેલ કે, તેઓ આદીપુર મુકામે રહેતા હતા અને તેઓની દીકરીની ડીલીવરી પ્રસંગે ખબર અંતર પુછવા મો.સા. થી માંડવી આવતા હતા ત્યારે ગુંદાલા નજીક રોડ પર એક અલ્ટો ચાલકે ટકકર મારી અકસ્માત કરેલ. પોલીસે આ બાબતે પોતાની પુછપરછ કરેલી. અલ્ટોના નંબર તેમને જાણવા મળેલ જ નહી કે તેમણે તેમના નિવેદનમાં પોલીસને લખાવેલ હોય તેવુ બનેલ નથી. બચાવ પક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદે, બનાવ તેમણે નજરે જોયેલ નથી. તેમને બનાવ વિષય જાત માહીતી નથી, તેવા સુચનનો સદર સાહેદે સ્વીકાર કરેલ છે.

(૧૬) ત્યારબાદ, ફરિયાદપક્ષે આંક–૩૫ થી સાહેદ મિતેષ વાલજીભાઈ મહેશ્વરી નાઓનો સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, અકસ્માતવાળો બનાવ સને ૨૦૨૨ માં ગુંદાલા રોડ પર સાંજના સમયે બનેલો. તેઓ ઘરે હતા ત્યારે તેમના દાદા સસરા બાબુભાઈનો ફોન આવેલ અને કહેલ કે, તમારા મેઘજીભાઈનું અકસ્માત થયેલ છે અને તેઓને મુંદરા દવાખાને લાવેલ છે જેથી ત્યાં જાવુ છે ત્યાં તમો આવો જેથી તેઓ કમલેશભાઈ સાથે સરકારી દવાખાનામાં ગયેલા અને ત્યાં મેઘજીભાઈની લાશ પડેલી હતી અને ત્યાં પોલીસ આવેલી હતી. ડોકટર સાહેબે લાશની ઓળખ બાબતે પુછેલ જેથી તેઓએ કહેલ કે, મરણ જનાર તેમના સસરા થતા હતા અને તેઓનુ નામ મેઘજી ગોવિંદ કોચરા છે અને તેઓ આદીપુર મુકામે રહેતા હતા અને તેઓ તેમની પત્નીની ડીલીવરી પ્રસંગે ખબર અંતર પુછવા મો.સા. થી માંડવી આવતા હતા ત્યારે ગુંદાલા નજીક રોડ પર એક અલ્ટો ચાલકે ટકકર મારી અકસ્માત કરેલ. પોલીસે આ બાબતે તેમની પુછપરછ કરેલી. અલ્ટોના નંબર તેમને જાણવા મળેલ જ નહી કે તેમણે તેમના નિવેદનમાં પોલીસને લખાવેલ હોય તેવુ બનેલ નથી. બચાવ પક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદે, બનાવ તેમણે નજરે જોયેલ નથી. તેમને બનાવ વિષય જાત માહીતી નથી, તેવા સુચનનો સદર સાહેદે સ્વીકાર કરેલ છે.

(૧૭) ત્યારબાદ, ફરિયાદપક્ષે આંક–૩૬ થી સાહેદ કમલેશ વાલજીભાઈ મહેશ્વરી નાઓનો સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, અકસ્માતવાળો બનાવ સને ૨૦૨૨ માં ગુંદાલા રોડ પર બપોરના સમયે બનેલો. તેઓ કંપનીમાં નોકરી પર હતા ત્યારે તેમના નાનાભાઈ મિતેષે તેમને ફોન કરીને કહેલ કે, મારા સસરા મેઘજીભાઈનું અકસ્માત થયેલ છે અને તેઓને મુંદરા દવાખાને લાવેલ છે જેથી ત્યાં જાય છે. ત્યાં તમો આવો જેથી તેઓ, મિતેષભાઈ સાથે સરકારી દવાખાનામાં ગયેલા અને ત્યાં મેઘજીભાઈની લાશ પડેલી હતી અને ત્યાં પોલીસ આવેલી હતી. ડોકટર સાહેબે લાશની ઓળખ બાબતે પુછેલ જેથી તેમના નાના ભાઈએ કહેલ કે, મરણ જનાર તેમના સસરા થતા હતા અને તેઓનુ નામ મેઘજી ગોવિંદ કોચરા છે અને તેઓ

આદીપુર મુકામે રહેતા હતા અને તેઓ તેમની પત્નીની ડીલીવરી પ્રસંગે ખબર અંતર પુછવા મો.સા. થી માંડવી આવતા હતા ત્યારે ગુંદાલા નજીક રોડ પર એક અલ્ટો ચાલકે ટકકર મારી અકસ્માત કરેલ. પોલીસે આ બાબતે તેમની પુછપરછ કરેલી. અલ્ટોના નંબર તેમને જાણવા મળેલ જ નહી કે તેમણે તેમના નિવેદનમાં પોલીસને લખાવેલ હોય તેવુ બનેલ નથી. બચાવ પક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદે, બનાવ તેમણે નજરે જોયેલ નથી. તેમને બનાવ વિષય જાત માહીતી નથી, તેવા સુચનનો સદર સાહેદે સ્વીકાર કરેલ છે.

(૧૮) ત્યારબાદ, ફરિયાદપક્ષ ધ્વારા આ ગુનાનાં પોલીસ સાહેદ તપાસ કરનાર પોલીસ અમલદાર ગીરીષભાઇ વરજાંગભાઇ વાણીયા નો મૌખિક પુરાવો આંક–૩૯ થી રજુ કરવામાં આવેલ છે, જેને સોગંદ ઉપર તપાસની કરેલ કાર્યવાહીની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ છે અને વધુમાં, જણાવેલ છે કે, તા. ૦૭/૦૪/૨૦૨૨ ના તેઓ મુન્દ્રા મરીન પો.સ્ટે. માં પોતાની ફરજ પર હાજર હતા તે દરમિયાન પી.એસ.ઓ. એ ટેલીફોનીક વર્ધી નં. ૨૭/૨૨ ની તપાસ તેઓને સોંપેલી. તપાસના કામે વર્ધીનો ઉતારો મળેલો જે વંચાણે લેતા, મુન્દ્રા સરકારી દવાખાનાના ડોકટર શ્રી ધવલ બકુત્રાએ જાણ કરેલ કે, ગુંદાલા પત્રી હાઇવે ઉપર મો.સા. અને અલ્ટો ગાડીથી મેઘજીભાઇ ગોવિંદભાઇને અકસ્માત થતાં, ઈજાઓ થતા મરણ ગયેલ છે અને તેઓને સામતભાઇ કોચરા અત્રે લાવેલ છે. જેથી તમો તુરંત સરકારી દવાખાનામાં ગયેલ જયાં સામતભાઇ બાલાભાઇ કોચરા હાજર હતા અને તેઓએ એક અજાણ્યા અલ્ટો વાહનના ચાલક વિરૂધ્ધ અકસ્માત બાબતની ફરિયાદ હકીકત લખાવતા તેમના લખાવ્યા મુજબની ફરિયાદ લખી લઇ, તેમની સહી લઇ અને રૂબરૂ તરીકે તેઓએ સહી કરેલી. તેમને આંક–૮ વાળી ફરિયાદ બતાવતા તેમાં પોતાની રૂબરૂ તરીકેની તથા ફરિયાદીની સહી અળખી બતાવેલ છે. સદરહુ ફરિયાદ યાદી સાથે પો.સ્ટે. માં ગુનો દાખલ થવા સોંપતા, પી.એસ.ઓ. એ સદરહુ ફરિયાદ મુંદરા મરીન પો.સ્ટે. ગુ.રજી. નં. ૧૨૭/૨૨ થી ઇ.પી.કો. કલમ–૩૦૪(અ) વગેરે મુજબથી દાખલ કરી

આગળની તપાસ તેઓને સોંપેલી. આજરોજ ગુનો દાખલ કરવાની યાદી રજુ કરે છે જેમાં પોતાની સહી છે જે તેઓ ઓળખે છે જે રજુ દાખલ આંક–૪૦ આપેલ છે. તપાસના કામે મરણ જનાર મેઘજીભાઇ ગોવિંદભાઇ કોચરાની લાશનું બે પંચો રૂબરૂ ઇન્કવેસ્ટ પંચનામુ કરેલુ. તેમને આંક–૧૪ વાળું પંચનામું બતાવતા તે ઓળખી બતાવેલ છે. તપાસના કામે લાગતાવળગતા સાહેદોના નિવેદનો લીધેલા. બનાવવાળી ગુંદાલાથી પત્રી જતા રોડ પર આવેલ હોય તે જગ્યાએ જઇ બે પંચો બોલાવી હાજર ફરિયાદીના બતાવ્યા મુજબની જગ્યાનું પંચનામુ કરેલ. તે જગ્યાએ એક મો.સા. અકસ્માતગ્રસ્ત હાલતમાં પડેલ હતુ. તેમને આંક–૧૦ વાળુ પંચનામું બતાવતા ઓળખી બતાવેલ છે. વધુમાં, સદર ગુનાના કામે અકસ્માત કરનાર વાહન બાબતે તપાસ કરતા જાણવા મળેલ કે તે વાહનનો નંબર જી.જે.૧૨–બીએસ.૩૨૫૯ હતો જેથી નંબર આધારે તપાસ કરતા બનાવ સમયે વાહન વિનોદ લાલજીભાઇ મહેશ્વરી ચલાવતા હોવાનું ખુલતા વાહન સાથે પો.સ્ટે. બોલાવી વાહન કબજે લઇ જરૂરી પુછપરછ કરી, પંચો રૂબરૂ અટક કરેલ અને જામીન મુકત કરેલાનું જણાવેલ છે. સાહેદે આંક–૪૧ થી રજુ થયેલ પી.એમ. નોટ મેળવેલાનું ઓળખી બતાવેલ છે. સાહેદે આંક–૪૨ થી રજુ થયેલ ટેલીફોનીક વર્ધીનો ઉતારો ઓળખી બતાવેલ છે. વધુમાં સદર સાહેદની તપાસમાં એવુ ખુલેલ કે, આરોપીએ પોતાના કબજાની અલ્ટો ગાડી બેદરકારીપૂર્વક અને કુલ ઝડપે ચલાવી અને મો.સા. ઉપર જતા મેઘજીભાઇ ગોવિંદભાઇ કોચરાને ટકકર મારી અને અકસ્માત કરેલ અને તેમાં તેઓ મરણ ગયેલા જણાવેલ છે. સાહેદે, તપાસના કામે આર.ટી.ઓ. ઇન્સ્પેકટર ધ્વારા અકસ્માતવાળા વાહનની યાંત્રીક તપાસ કરાવેલી તથા અકસ્માતવાળી જગ્યાનો નકશો બનાવેલ જે રજુ કરેલ છે જેમાં પોતાની સહી છે જે રજુ દાખલ આંક–૪૨ આપેલ છે. તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલાનું જણાવેલ છે. સાહેદે આરોપીને જોયેથી ઓળખી શકે જે આજરોજ નામ. કોર્ટમાં હાજર છે તે જ છે, તેમ જણાવેલ છે.

(૧૯) આમ, ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ ફરિયાદ, બનાવવાળી

જગ્યાનું પંચનામું, ઈન્કવેસ્ટ પંચનામુ, મરણજનારનું પી.એમ. નોટ તેમજ અન્ય દસ્તાવેજી પુરાવા અને સાહેદોની જુબાની ધ્યાને લીધી. આ કામે સાહેદોની મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું સમગ્રપણે મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે ફરિયાદી અને સાહેદોએ ફરિયાદ મુજબ અકસ્માતનો બનાવ બનેલાની અને અકસ્માત સ્થળ પર મો.સા. તથા અલ્ટો ગાડી અકસ્માતગ્રસ્ત હાલતમાં પડેલાનું અને આ અકસ્માતમાં મેઘજીભાઈ ગોવિંદભાઈ કોચરા (મહેશ્વરી) નું ગંભીર ઈજાઓને કારણે સ્થળ પર મરણ થયેલ હોવાનું તથા સરકારી દવાખાનામાં લાશનું પોસ્ટ મોર્ટમ કરી તેઓને સોંપેલાની હકીકતો જણાવેલી છે. પરંતુ, ફરિયાદી કે કોઈપણ સાહેદોએ હાલના આરોપી જ બનાવ સમયે અકસ્માત કરનાર વાહનના ચાલક હતા તેવી હકીકત જણાવેલ નથી કે કોઈપણ સાહેદોએ હાલના આરોપીને ઓળખી પણ બતાવેલ નથી કે કોઈપણ સાહેદે અકસ્માતવાળા વાહનના નંબર જણાવેલ નથી કે વાહનને ઓળખી બતાવેલ નથી. આ કામે મહદઅંશે તપાસેલા સાહેદો ફરિયાદીના સગા–સંબંધીઓ છે અને આ સાહેદો હિત ધરાવનાર સાહેદો છે. આમ, આ કામે ફરિયાદી અને તમામ સાહેદોની જુબાનીઓને ધ્યાને લેવામાં આવે તો કોઈપણ સાહેદે બનાવ વખતે હાલના આરોપી પુરઝડપે અને ગફલત અને બેદરકારીથી વાહન ચલાવતા હોવાના કારણે હાલનો અકસ્માતનો બનાવ બનેલ હોય તેવી ફરિયાદની હકીકતને સમર્થન આપેલ નથી. આમ, મહત્વના સાહેદોએ અકસ્માતના બનાવને સમર્થન આપેલ છે પરંતુ તે પૈકી કોઈપણ સાહેદે હાલના આરોપીને કોર્ટ રૂબરૂ અકસ્માતવાળા વાહનના ચાલક તરીકે ઓળખી બતાવેલ નથી. વધુમાં, ફરિયાદી અને સાહેદોએ હાલના આરોપી અકસ્માતમાં સંડોવાયેલ વાહનના ચાલક હતા તેવી કોઈ હકીકત જણાવેલ નથી. આ કામે પંચ સાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી. પોલીસ સાહેદે તેઓએ કરેલ ફરજના ભાગરૂપેની કાર્યવાહીની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ છે. આમ, આ કામે રજુ થયેલ પુરાવા પરથી એ હકીકત નિર્વીવાદ છે કે, આ કામે અકસ્માતનો બનાવ બનેલ છે અને તેમાં ઈજા પામનાર મેઘજીભાઈ ગોવિંદભાઈ કોચરા (મહેશ્વરી) નું ગંભીર ઈજાઓને કારણે સ્થળ પર મરણ થયેલ છે તે હકીકત બિનતકરારી છે અને

અકસ્માતમાં મરણ ગયેલાનું પોસ્ટ મોર્ટમ રીપોર્ટથી ઈજા પામનારનું મરણ થયેલ હોવાનું ફલીત થાય છે પરંતુ, બનાવ વખતે હાલના આરોપી જ અકસ્માતવાળા વાહનના ચાલક હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોઇ, ફરિયાદી અને સાહેદોની જુબાની ઉપરથી પણ હાલના આરોપીની બેદરકારી અને ગફલતના કારણે અકસ્માત થયેલ હોવાની હકીકત પ્રસ્થાપિત થતી નથી. એ હકીકત છે કે, ફરિયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવો જોઇએ અને આ કામે રજુ થયેલ પુરાવા ઉપરથી ફરિયાદપક્ષ હાલના આરોપીની સદર અસ્માતના બનાવમાં કોઈ સંડોવણી હોવાની હકીકત રેકર્ડ પર લાવવામાં નિષ્ફળ ગયેલ હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે. ત્યારે, મારા મતે આ કામનાં આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકવા જોઇએ. આમ, આ કામેના આરોપીએ ફરિયાદીની ફરિયાદ મુજબનો અકસ્માતનો બનાવ બનેલ હોવાનું તમામ વ્યાજબી શંકાથી પર રીતે પુરવાર થતું ન હોઈ, આ કામે ગુનાને આરોપી સાથે જોડવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોઈ, મારા મતે, આરોપીત ગુનાનાં કામે આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકવા જોઇએ. આમ, આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯, ૩૦૪(અ) તથા ધી મોટર વ્હીકલ એકટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાના તત્વો સંતોષાય તેવો અને તેટલો પુરાવો ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ ન હોઈ, મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ સંબંધે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

(૧) આ કામનાં આરોપી **વિનોદ લાલજીભાઇ સીંચ,** ઉ.વ.૨૮, ધંધો: પ્રા.નોકરી, રહેવાસી: સેકટર-૭, પ્લોટ નં.૬૮, વૃંદાવન એપાર્ટમેન્ટ નવજીવન સોસાયટી, ગાંધીધામ-કચ્છ નાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ-૨૫૫(૧) હેઠળ ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯, ૩૦૪(અ) તથા ધી મોટર વ્હીકલ એકટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાનાં કામે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે મુદામાલ પાવતી નં. ૨૮/૨૦૨૨, તા. ૦૯/૦૪/૨૦૨૨ વાળાથી કબજે કરવામાં આવેલ વાહન મારૂતી કંપનીની અલ્ટો ગાડી રજી. નં.જીજે–૧૨–ડી.એસ.–૩૨૫૯ વાળા અંગે વચગાળાની કસ્ટડી તરીકે પરત સોંપવાનો અગાઉ થયેલ હુકમ આ હુકમથી કાયમ કરવામાં આવે છે.

(૨) ટ્રાયલ દરમિયાન આરોપીએ રજુ કરેલ જામીન તથા જાત મુચરકા રદ કરવા.

(૩) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૮૦(૧) મુજબ, આરોપીને અપીલ સમય સુધીનાં રૂા. ૫૦૦૦/– (રૂપીયા પાંચ હજાર પુરા) નાં સધ્ધર જામીન તથા તેટલી જ રકમનાં જાત–મુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ ચુકાદો આજરોજ તારીખ આઠમી, માહે: એપ્રીલ, સને– બે હજાર છવ્વીસનાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

સહી/–

સ્થળ : મુન્દ્રા–કચ્છ.
તારીખ: ૦૮/૦૪/૨૦૨૬.

**(હિતેષ જયંતિલાલ તન્ના)**
અધિક ચીફ જયુડિશીયલ મેજીસ્ટ્રેટ,
મુન્દ્રા–કચ્છ.
જજ કોડ: જી.જે.૦૦૯૫૫.

(હેરેશ પરમાર, ગુજ.સ્ટેનો.)